# <u>શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ</u>

## આપના અમૂલ્ય યોગદાન માટે અપીલ

તા. 26 જાન્યુઆરી 2001 ના રોજ અમદાવાદ શહેરમાં ધરતીકંપના પ્રચંડ આંચકાએ કેટલાયના જાન લીધા, કેટલાય બેઘર બન્યા અને કેટલાયના મકાનોને નુકશાન થયું. આ દુઃખદ ઘટનામાં સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજને ઉપયોગી થવા સ્થાનકવાસી જૈન સમાજના શ્રેષ્ઠીઓ તથા સંઘોએ ભેગા મળી સંયુક્તપણે '**શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ**' ની સ્થાપના કરી રૂ. 32 લાખ જેટલો માતબર ફાળો એકત્ર કરી સમાજના 276 જેટલા જરૂરિયાતમંદ કુટુંબોને સહાય કરી.

ઉપરોક્ત સહાયનું કાર્ય પૂરું થતાં તે પછી વધેલ રકમ અને સહાય લેનાર અમુક પરિવારોએ ટ્રસ્ટને રકમ પરત કરતાં આ રકમનો ઉપયોગ સાધર્મિક કુટુંબોના દિકરા-દિકરીઓને શિક્ષણમાં ઉપયોગી થવામાં કરવો એમ નક્કી કરવામાં આવ્યું.

"**શિક્ષિત સમાજ સમૃદ્ધ સમાજ**" ની વિચારધારા સાથે સને 2002-2003 થી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેનો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી લોન સહાય આપવાની શરૂઆત કરી પ્રતિ વર્ષ રૂ. 8000/- સુધી વગર વ્યાજની લોન સહાય આપવાનું શરૂ કર્યું. સમય વિતતો ગયો અને ફી નું ધોરણ તેમજ મોંઘવારી બંને વધતા ગયા. આથી શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટે સને 2010માં '**વિદ્યાદાન-મહાદાન**' **સમારોહ-1** નું આયોજન કર્યું. કેળવણીના કદરદાનો અને દાનવીરોએ કેળવણીની અગત્યતા સમજી અમદાવાદના સમસ્ત સ્થા. પરિવારનો એક પણ દીકરો અગર દીકરી ગ્રેજ્યુએટથી ઓછો ભણેલો ન હોવો જોઈએ એવા નિર્ધાર સાથે પોતે પોતાની પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી સમજાને સુરક્ષિત બનાવવા ટ્રસ્ટને અર્પણ કરી અને ટ્રસ્ટે વિદ્યાર્થીઓને અપાતી લોન સહાયની રકમમાં વધારો કર્યો.

પરંતુ સમય વિતતાં આ રકમ પણ ઓછી પડતાં સને 2012 માં '**વિદ્યાદાન-મહાદાન**' **સમારોહ-2** નું આયોજન કર્યું અને આપ સૌના સાથ-સહકારથી સમારોહ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો. જેથી અમારો ઉત્સાહ અનેકગણો વધી ગયો.

પરિણામે ટ્રસ્ટે મેડીકલના વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ. 3,00,000/- ની લોન સહાય અને એન્જીનીયરીંગ, એમ.બી.એ. જેવા વિકાસલક્ષી અભ્યાસક્રમોમાં વધુમાં વધુ દર વર્ષે રૂ. 1,50,000/- સુધી લોન સહાય આપવાની શરૂ કરી. તદ્ઉપરાંત બહારગામ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ. 25,000/- સુધીની લોન સહાય પણ આપવાની શરૂઆત કરી. આ સુધારેલી લોન સહાયના કારણે વિદ્યાર્થી તથા તેના કુટુંબને સારી એવી રાહત મળી.

આ ઉપરાંત બીજા કેટલાક વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો કેટલીક સંસ્થાઓ ચલાવે છે જેથી વિદ્યાર્થી નોકરી કરવાની સાથે અભ્યાસ પણ કરી શકે છે અને એ માટે અમે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો જેવા કે વેબ ડિઝાઈનીંગ, સોફ્ટવેર ડેવલપમેન્ટ, એનીમેશન વિ. માટે લોન સહાયની યોજના પણ અમલમાં મૂકેલ છે. આ યોજના અન્વયે ડિસ્ટન્સ લર્નીંગ અભ્યાસ માટે પણ લોન સહાય આપવામાં આવે છે.

સારા અભ્યાસક્રમ માટે સારી કોલેજમાં એડમિશન માટે ધોરણ 11 તથા ધોરણ 12 ની પરીક્ષાનું પરિણામ પણ ઘણું અગત્યનું બનેલ છે. તેથી વિદ્યાર્થી સારા માર્ક લાવી શકે તે માટે આ બંને ધોરણોના પ્રાઈવેટ ટ્યુશન માટે પણ લોનસહાય આપવાનું તેમજ JEE અને NEET માટે ખાનગી ટ્યુશનની રકમ મળી લોન સહાય રૂ. 1,00,000/- સુધી આપવાનું શરૂ કર્યું.

કોમ્પ્યુટર/લેપટોપ માટે રૂ. 30,000/- ની લોન સહાય અપાય છે.

ઉપર જણાવેલ યોજનાઓમાં સને 2015-2016 થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ લોન સહાય રકમમાં વધારો કરવામાં આવ્યો છે.

1. ઉચ્ચ અભ્યાસ યોજના તથા વ્યવસાયલક્ષી અભ્યાસ યોજના અન્વયે રૂ. 2,00,000/- સુધી પૂરી રકમ આપવામાં આવે છે અને વધારાની રકમના 50% પણ મહત્તમ લોન સહાય રૂ. 4,00,000/- સુધી આપવામાં આવે છે.
2. સાધર્મિક કુટુંબોને સ્વનિર્ભર કરવાના હેતુથી વ્યવસાય – ધંધા રોજગાર માટે લોન સહાય મહત્તમ રૂ. 1,50,000/- સુધી આપવામાં આવે છે.

**ઉપરોક્ત જણાવેલ બધી જ યોજનાની લોન સહાય બિલકુલ વ્યાજ વગર આપવામાં આવે છે** અને તે લોન સહાયની ભરપાઈ પણ સરળ હપ્તેથી કરવાની હોય છે.

આ રીતે સંસ્થાએ અત્યાર સુધી 2799 લાભાર્થીઓને લગભગ રૂ. 31.56 કરોડ જેટલી રકમની લોન સહાય આપેલ છે. 500 જેટલા વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને લોનની પૂરેપૂરી રકમ પરત કરેલ છે.

**આપણા સમાજના સાધર્મિક કુટુંબોને શૈક્ષણિક લોન સહાય તેમજ સ્વનિર્ભર થવા લોન સહાય આપી સમાન ઉત્થાનના આ શુભ કાર્ય કરવા આપના અમૂલ્ય યોગદાનની અપેક્ષા છે. આ શુભ હેતુ માટે આપની પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરી પુણ્ય કમાવવાનો આ અવસર ચૂકશો નહીં.**

દાન માટે નીચે મુજબની યોજના અમલમાં છે :

| | | |
|---|---|---|
| 1. | કાયમી મેડિકલ અભ્યાસ યોજના | રૂ. 2 કરોડ |
| 2. | ફોરેન અભ્યાસ યોજના | રૂ. 1.5 કરોડ |
| 3. | શ્રી રત્નચિંતામણી દાતા | રૂ. 51 લાખ |
| 4. | શ્રી પારસમણી દાતા | રૂ. 41 લાખ |
| 5. | શ્રી કામધેનુ દાતા | રૂ. 25 લાખ |
| 6. | શ્રી કલ્પવૃક્ષ દાતા | રૂ. 11 લાખ |
| 7. | શ્રી મેડિકલ અભ્યાસ દત્તક યોજના | રૂ. 11 લાખ |
| 8. | ફેકલ્ટી દત્તક યોજના | રૂ. 5 લાખ |
| 9. | એક વિદ્યાર્થી કાયમી દત્તક યોજના | રૂ. 1 લાખ |
| 10. | વાર્ષિક દત્તક યોજના | રૂ. 31 હજાર |

નોંધ : પાંચ લાખ અથવા વધુ રકમવાળી યોજનામાં દાતા સંયુક્ત બે નામે લાભ લઈ શકશે. તેમજ આ રકમ પાંચ હપ્તે પાંચ વર્ષમાં પણ આપી શકશે.

ફોરેન ડોનેશન (FCRA) પણ આવકાર્ય છે. તે માટે સેન્ટ્રલ ગવર્મેન્ટની એપ્રુવલ મળી ગઈ છે.

CSR અન્વયે પણ DONATION માટેની એપ્રુવલ મળી ગઈ છે.

આપનો સહકાર અતિ પ્રશંસનીય રહેશે. આ માટે આપને સંસ્થાના હોદ્દેદારો અગર ટ્રસ્ટીશ્રીઓનો સંપર્ક કરવા વિનંતી છે.

- ટ્રસ્ટી મંડળ,

શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ